# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 5-10-2024 Evening : 7.50 to 8.00
Day : Saturday National News

**આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.**

*****************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે વિચરતી જાતિઓ અને સમુદાયોના વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ – પી.એમ. કિસાન સન્માન નિધિનો 18મો હપ્તો જાહેર કર્યો..
2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છે છે પણ સરહદ પારના આતંકવાદને નજરઅંદાજ કરી શકાય નહીં.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ખાદીના નવા વિક્રમજનક વેચાણને પ્રોત્સાહક સિદ્ધિ ગણાવી
4) હરિયાણામાં 90 બેઠકો પર વિધાનસભા ચૂંટણી માટે સાંજે પાંચ વાગ્યા સુધી સરેરાશ 61 ટકા મતદાન નોંધાયું
5) કેન્દ્રીય મંત્રી મંડળે પાંચ ભારતીય ભાષાઓ – પાલી, પ્રાકૃત, આસામી, બંગાળી અને મરાઠીને શાસ્ત્રીય ભાષાઓનો દરજ્જો આપવાની મંજૂરી આપી છે.
6) નિશાનેબાજ દિવાંશીએ પેરુમાં ISSF જુનિયર વિશ્વ નિશાનેબાજી ચેમ્પિયનશિપમાં મહિલાઓની 25 મીટર સ્ટાન્ડર્ડ પિસ્તોલ સ્પર્ધામાં બીજો વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીત્યો

*****************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ADD-EVE-PM-MAHARASHTRA.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર વિચરતી જાતિઓ અને સમુદાયોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. આજે મહારાષ્ટ્રના વાશિમમાં શ્રી મોદીએ એમ પણ કહ્યું કે સરકારનો દરેક નિર્ણય નીતિ વિકસિત ભારતને સમર્પિત છે અને ખેડૂતો આ પરિપ્રેક્ષ્યમાં મુખ્ય આધાર સ્તંભ છે. લગભગ 23 હજાર 300 કરોડ રૂપિયાની કૃષિ અને પશુપાલન સંબંધિત વિવિધ પહેલ શરૂ કરાવતી વખતે પ્રધાનમંત્રીએ વાશિમના પોહરાદેવી ખાતે બંજારા સમુદાયના સમૃદ્ધ વારસાને દર્શાવતા બંજારા હેરિટેજ મ્યુઝિયમનું પણ ઉદ્ઘાટન કર્યું. આ ચાર માળના મ્યુઝિયમમાં 13 ગેલેરીઓ છે જે તેના નેતાઓ અને ચળવળના ચિત્રો દ્વારા બંજારા વારસાને પ્રકાશિત કરે છે. તેમણે લોકોને સમુદાયની સંસ્કૃતિ અને પરંપરા વિશે જાણવા માટે સંગ્રહાલયની મુલાકાત લેવા વિનંતી કરી.

શ્રી મોદીએ 9 કરોડ 40 લાખ ખેડૂતોને અંદાજે 20 હજાર કરોડ રૂપિયાની પ્રધાનમંત્રી-કિસાન સન્માન નિધિનો 18મો હપ્તો જાહેર કર્યો. રાજ્યની નમો શેતકરી મહાસમ્માન યોજના હેઠળ 90 લાખ ખેડૂતોને 1,900 કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કરવામાં આવ્યું હતું. એક હજાર 920 કરોડ રૂપિયાના સાત હજાર પાંચસોથી વધુ કૃષિ મળખાના ફંડ પ્રોજેક્ટ્સ અને એક હજાર 300 કરોડ રૂપિયાના સંયુક્ત ટર્નઓવર સાથે નવ હજાર 200 ખેડૂત ઉત્પાદક સંગઠનો પણ સમર્પિત કરવામાં આવ્યા હતા.

આ દરમિયાન, સભાને સંબોધિત કરતી વખતે, પ્રધાનમંત્રીએ કહ્યું કે મહારાષ્ટ્રમાં દેશની આર્થિક પ્રગતિનું નેતૃત્વ કરવાની અપાર ક્ષમતા છે અને આ ત્યારે જ વાસ્તવિકતા બની શકે છે જ્યારે ગરીબો, ખેડૂતો, મજૂરો, દલિતો અને વંચિતોના સશક્તિકરણનું અભિયાન ચાલુ રહેશે.

# NEW-EVE-PM-MAHARASHTRA.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે મુંબઈ અને થાણે જેવા શહેરો વિકિસિત ભારત બનાવવા માટે ભવિષ્ય માટે તૈયાર હોવા જોઈએ. અટલ સેતુ, મુંબઈ મેટ્રો અને કોસ્ટલ રોડસહિત મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશમાં વિવિધ માળખાકીય વિકાસની વાત કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સ માત્રલોકોના જીવનને સરળ બનાવશે નહીં પણ ઉદ્યોગને પ્રોત્સાહન આપશે અને રોજગારીની નવી તકોઊભી કરશે.

તેઓ આજે સાંજે થાણેમાં અનેક મહત્ત્વપૂર્ણ મેટ્રો અને રોડ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા બાદ બોલી રહ્યા હતા.. તેમણે નવી મુંબઈ એરપોર્ટ ઈન્ફ્લ્યુએન્સ નોટિફાઈડ એરિયા (NAINA) પ્રોજેક્ટના ફેઝ-1 માટે શિલાન્યાસ પણ કર્યો, જેની કિંમત આશરે 2,550 કરોડ રૂપિયા છે, તેમજ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન માટે 700 કરોડ રૂપિયાના  ખર્ચે એક બહુમાળી વહીવટી ઈમારતનું નિર્માણ કરવામાં આવશે.

# EAM-SCO.RTF

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે કહ્યું છે કે અન્ય કોઈ પાડોશીની જેમ ભારત પણ પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છે છે પરંતુ સરહદ પારના આતંકવાદને નજરઅંદાજ કરી શકાય નહીં. ઈસ્લામાબાદમાં 15 અને 16 ઓક્ટોબરે યોજાનારી શાંઘાઈ સહયોગ સંગઠનની આગામી પરિષદ દરમિયાન ભારત પાકિસ્તાન સાથે તેના સંબંધો અંગે ચર્ચા કરશે નહીં. તેમણે આજે નવી દિલ્હીમાં IC સેન્ટર ફોર ગવર્નન્સ દ્વારા આયોજિત વહીવટીતંત્ર પરના સરદાર પટેલ વ્યાખ્યાનમાં ભાગ લેતા પત્રકારો સાથે વાતચીત કરી હતી.

ડૉ. જયશંકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે પરિષદમાં તેમની સહભાગિતા બહુપક્ષીય સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ડો. જયશંકરે કહ્યું કે સાર્ક મામલે પ્રગતિ થઈ રહી નથી કારણ કે તાજેતરના વર્ષોમાં બેઠકો થઈ નથી. તેમણે કહ્યું કે તેનું કારણ એ છે કે એક સભ્ય દેશ બીજા દેશ વિરુદ્ધ સરહદપાર આતંકવાદમાં સામેલ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પરિસ્થિતિ સાર્ક માટે સામાન્ય રીતે કામ કરવું મુશ્કેલ બનાવે છે. ડૉ. જયશંકરે કહ્યું કે આતંકવાદ અસ્વીકાર્ય છે અને જો કોઈ પાડોશી દેશ તેને ચાલુ રાખશે તો સાર્કમાં બધું સામાન્ય નહીં થઈ શકે.

# VICE-PRES---NORTHEAST.RTF

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે ભારતનો ઇશાન પ્રદેશ એ દેશનું હૃદય અને આત્મા છે. નવી દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતા શ્રી ધનખડે આજે કહ્યું કે ઉત્તર-પૂર્વ એ માત્ર ભૌગોલિક પ્રદેશ નથી પરંતુ સંસ્કૃતિ, પરંપરા અને કુદરતી સૌંદર્યનું જીવંત ચિત્ર છે જે ભારતના સારને પ્રતિબિંબિત કરે છે. ઉપરાષ્ટ્રપતિએ પ્રદેશના સમૃદ્ધ આધ્યાત્મિક અને કુદરતી વારસાની નોંધ લીધી. તેમણે તેની જીવંત સંસ્કૃતિ, વિશિષ્ટ ખોરાક અને તેના લોકોની ઊર્જાની પ્રશંસા કરી.

શ્રી ધનખડે આસામીને તાજેતરમાં શાસ્ત્રીય ભાષા તરીકે માન્યતા આપવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે આ માન્યતા હકારાત્મકતાનો સંચાર કરે છે. તે રાષ્ટ્રની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને વિવિધતાને પ્રતિબિંબિત કરે છે. ઉપરાષ્ટ્રપતિ ધનખડે મીડિયાને ઉત્તર પૂર્વના રાજદૂત બનવા વિનંતી કરી.તેમણે મીડિયા કર્મીઓને પ્રવાસન અને વિકાસમાં પ્રદેશની સંભવિતતા શોધવાની પણ અપીલ કરી હતી.

# PM-KHADI-INDIA.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ખાદીના નવા વિક્રમજનક વેચાણને પ્રોત્સાહક સિદ્ધિ ગણાવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે દેશવાસીઓમાં સ્વદેશી તરફના પ્રેમની પ્રશંસા કરી હતી. ખાદી ઈન્ડિયાએ રેકોર્ડ વેચાણ હાંસલ કર્યું છે. ગાંધી જયંતિના અવસર પર નવી દિલ્હીના ખાદી ભવનમાં માત્ર એક જ દિવસમાં 2 કરોડ 1 લાખ 37 હજાર રૂપિયાના ઉત્પાદનોનું વેચાણ થયું હતું. શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે આ સિદ્ધિ ખાદી સાથે સંકળાયેલા કારીગરોને પણ ટેકો આપશે.

દરમિયાન, ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે ખાદી અને સ્થાનિક ઉત્પાદનો ખરીદવાની પ્રધાનમંત્રી મોદીની અપીલ ક્રાંતિકારી છે. શ્રી શાહે જણાવ્યું હતું કે તેમના નેતૃત્વમાં ખાદી ઉદ્યોગ આજે નવા રેકોર્ડ સ્થાપી રહ્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો આ સમાચાર આપ અમારી . Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ સમાચાર માટે . આપઅમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# REV.--HARYANA-VOTER-TURN-OUT.RTF

હરિયાણામાં ૭૦ બેઠકો પર વિધાનસભા ચૂંટણી માટે  સાંજે 5 વાગ્યા સુધી 61 ટકા મતદાન નોંધાયું હતું. બે કરોડ ત્રણ લાખથી વધુ મતદારો 1,031 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે.

સમગ્ર રાજ્યમાં કુલ 20,632 મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પંકજ અગ્રવાલે જણાવ્યું હતું કે, મુક્ત, ન્યાયી અને સરળ મતદાન સુનિશ્ચિત કરવા માટે વેબકાસ્ટિંગ સુવિધા સાથે તમામ મતદાન મથકો પર પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે..

# PALI-AND-PRAKRIT-CLASSICAL-LANGUAGE-

કેન્દ્રીય મંત્રી મંડળે પાંચ ભારતીય ભાષાઓ – પાલી, પ્રાકૃત, આસામી, બંગાળી અને મરાઠીને શાસ્ત્રીય ભાષાઓનો દરજ્જો આપવાની મંજૂરી આપી છે. પાલી ભાષાનો ઉદ્ભવ ઐતિહાસિક મગધ પ્રદેશમાં થયો હતો. તે જૂની ભારત -આર્યન વૈદિક અને સંસ્કૃત બોલીઓ સાથે સંબંધિત બૌદ્ધ પ્રામાણિક ભાષા હતી. શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળ્યા બાદ તેના અભ્યાસ અને સંરક્ષણને પ્રોત્સાહન આપવામાં આવશે.

આકાશવાણી સાથેની ખાસ વાતચીતમાં બનારસ હિંદુ યુનિવર્સિટીના પાલી અને બૌદ્ધ અધ્યયન વિભાગના વરિષ્ઠ પ્રોફેસર ડૉ.સિદ્ધાર્થ સિંહે જણાવ્યું હતું કે ભારતીય સભ્યતા, બૌદ્ધ ધર્મ અને સંસ્કૃતિના વિકાસ માટે પાલી ભાષા આવશ્યક રહી છે. તેમણે કહ્યું કે ભાષાએ ભારતને દક્ષિણ-પૂર્વ એશિયા સાથે જોડવામાં અને ગૌતમ બુદ્ધના ઉપદેશો ફેલાવવામાં મદદ કરી. મહાત્મા બુદ્ધ અને મહાવીર જેવા મહાનુભાવોના ઉપદેશો પ્રાકૃત ભાષામાં છે. જેના કારણે તેમણે તેમના ઉપદેશોને અસરકારક રીતે લોકો સુધી પહોંચાડયા.

આ દરજ્જો મળ્યા પછી, આ ભાષા ભારતના સમૃદ્ધ સાહિત્યિક વારસામાં, ખાસ કરીને જૈન અને બૌદ્ધ ગ્રંથોના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરશે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ સંસ્કૃત અને ભારતીય અભ્યાસના પ્રોફેસર ડૉ. ઉપેન્દ્ર રાવે આકાશવાણીને જણાવ્યું હતું કે પ્રાકૃત અને પાલી એ ભારતની સંસ્કૃતિ, સભ્યતા અને ઈતિહાસ અને ભાષા શાસ્ત્રનો આવશ્યક ભાગ છે. તેમણે કહ્યું કે આ બે ભાષાઓને સમજ્યા વિના ભારતને સમજવું શક્ય નથી.

# REV-DAY-ISSF-SHOOTING.RTF

ભારતીય નિશાનેબાજ દિવાંશીએ પેરુમાં ISSF જુનિયર વિશ્વ નિશાનેબાજી ચેમ્પિયનશિપમાં મહિલાઓની 25 મીટર સ્ટાન્ડર્ડ પિસ્તોલ સ્પર્ધામાં તેનો બીજો વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીત્યો છે. દિવાનશીએ 600માંથી 564 માર્ક્સ મેળવ્યા હતા જ્યારે માનવી જૈને 557 માર્ક્સ સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. શિખા ચૌધરી 554 માર્ક્સ સાથે ચોથા ક્રમે રહી હતી. પુરૂષોની જુનિયર સ્ટાન્ડર્ડ પિસ્તોલ સ્પર્ધામાં સુરજ શર્માએ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો અને મુકેશ નેલાવલ્લીએ આ સ્પર્ધામાં અગાઉ ચાર સુવર્ણ ચંદ્રક મેળવ્યા છે અને હવે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

અગાઉ, મુકેશ નેલાવલ્લી, રાજવર્દન પાટીલ અને હરસિમાર સિંહ રદ્દાની ત્રિપુટીએ પુરુષોની 25 મીટર રેપિડ ફાયર પિસ્તોલ ટીમ સ્પર્ધા જીતી લીધી હતી. ભારત 13 સુવર્ણ ચંદ્રક બે રજત અને છ કાંસ્યસહિત કુલ 21 મેડલ જીતીને ટેબલમાં ટોચ પર છે. નોર્વે ચાર સુવર્ણ ચંદ્રક, ત્રણ રજત અને ત્રણ કાંસ્ય સહિતદસ મેડલ સાથે બીજા સ્થાને છે.

# DRDO--VSHORADS.RTF

સંરક્ષણ સંશોધન વિકાસ સંગઠન (DRDO)એ રાજસ્થાનમાં પોખરણ ખાતે ચોથી જનરેશન વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ (VSHORADS) ના ત્રણ હવાઈ પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. છેલ્લા બે દિવસમાં આયોજિત પરીક્ષણો, હાઇ-સ્પીડ લક્ષ્યો સામે હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં મહત્તમ શ્રેણી અને મહત્તમ ઊંચાઈના અવરોધના અત્યંત જટિલ પરિમાણો દર્શાવવામાં આવ્યા હતા.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ વિકાસ અજમાયશમાં શસ્ત્ર પ્રણાલીની હિટ-ટુ-કિલ ક્ષમતાની પુનરાવર્તિતતા પ્રદર્શિત કરવામાં આવી હતી જેમાં વિવિધ લક્ષ્યો સાથે સંકળાયેલા સંજોગોમાં નજીક આવવું, ઉતરવું અને ક્રોસિંગ મોડ્સ આવરી લેવામાં આવ્યા હતા. VSHORADS સહયોગીઓ સાથે મળીને સ્વદેશી રીતે ડિઝાઇન અને વિકસિત કરવામાં આવી છે.

સંરક્ષણમંત્રી  રાજનાથ સિંહે DRDO, સશસ્ત્ર દળો અને સફળ વિકાસ પરીક્ષણમાં સામેલ ઉદ્યોગોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે આધુનિક ટેક્નોલોજીથી સજ્જ આ નવી મિસાઈલ હવાઈ ખતરા સામે સશસ્ત્ર દળોને વધુ ટેકનોલોજીકલ પ્રોત્સાહન આપશે.

# RAHUL-GANDHI-SHIVAJI-IDEOLOGY.RTF

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજે કહ્યું કે ભારતનું બંધારણ છત્રપતિ શિવાજી મહારાજની વિચારધારા અને મૂલ્યોને અનુરૂપ છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ કરતી વખતે શ્રી ગાંધીએ કહ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજ જીવનભર જે મૂલ્યો માટે લડ્યા હતા તે મૂલ્યોને જાળવી ન રાખીએ તો પ્રતિમા બનાવવાનું કોઈ મહત્વ નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ જ વિચારધારાએ લોકોનો વિરોધ કરે છે જેઓ બંધારણને નબળું પાડવા માંગે છે.

તેમણે માલવણમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના પતનના વિવાદને લઈને મહારાષ્ટ્ર ગઠબંધન  સરકારની ટીકા કરી અને કોંગ્રેસ પાર્ટીના કાર્યકરોને મહાન મરાઠા શાસક અને ભારતીય બંધારણના મૂલ્યોની રક્ષા માટે પ્રયત્નો કરવા વિનંતી કરી. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રભારી રમેશ ચેન્નીથલા, કોલ્હાપુરના સાંસદ છત્રપતિ શાહુ મહારાજ, મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ નાના પટોલે, કોંગ્રેસ વિધાન મંડળ પક્ષનાનેતા બાલાસાહેબ થોરાત, મહારાષ્ટ્ર રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત હતા.

# MARITIME-EXERCISE-MALABAR-2024.RTF

નૌકાદળ દ્વારા બહુરાષ્ટ્રીય દરિયાઈ કવાયત મલબાર-2024 આ મહિનાની 8મી તારીખથી વિશાખાપટ્ટનમમાં શરૂ થશે. ભારત દ્વારા આયોજિત આ દરિયાઈ કવાયતમાં ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકાના નૌકાદળ ભાગ લેશે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે મલબાર 2024 સહયોગ અને કાર્ય ક્ષમતાઓ સહિત વિવિધ પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે જેમાં વિશેષ કામગીરી, સપાટી, હવા અને સબમરીન વિરોધી યુદ્ધ પર ચર્ચા કરવામાં આવશે.)